જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૦૪/૨૦૧૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૬૪૬/૧૬

આશારામ ના સાધક અને મોટેરા આશારામ આશ્રમના સંચાલક તથા આશારામની તમામ ફાયનાન્સીયલ બાબતના વહીવટકર્તા તથા આશ્રમના લીગલ સેલના હેડ કાંતીલાલ દેવજીભાઇ પટેલ (ડો.કે.ડી.પટેલ)નાઓએ સને ૨૦૦૯ ની સાલમાં ફરિયાદી શ્રી રાજુ ચાંડક ઉપર ફાયરીંગ કરી હત્યા કરવાની કોશિષના સાબરમતી પોલીસ સ્ટેશન ગુનામાં અટક કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના હુકમથી સાબરમતી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૨૬/૦૯ ધી ઇપીકો કલમ ૩૦૭, ૧૨૦(બી), ૧૧૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ) મુજબના ગુનાની તપાસ એસ.ઓ.જી. ને સોંપતા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ તપાસ સંભાળી પ્રથમ સાર્પ શુટર કાર્તિક ઉર્ફે રાજુ s/o દુલાલચંદ હલદર ઉવ.૩૫ રહે, ગામ: રામલોચનપુર, જી.સાઉથ ૨૪ પરગના, થાના:મંદિર બજાર, પશ્ચિમ બંગાળ તથા મોટેરા સાબરમતી આશારામ આશ્રમ અમદાવાદ તા.૧૯/૦૩/૨૦૧૬ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ના ઉપરોકત ગુનામાં અટક કરવામાં આવેલ હતો આ આરોપીની પુછપરછ કરતા તેણે આશારામ આશ્રમના ડાં.કે.ડી પટેલનુ નામ આપેલ હતુ.

આ ડાં.કે.ડી.પટેલ ગઇ કાલ તા.૭.૪.૨૦૧૬ ના રોજ અટ્ક કરવામાં આવેલ છે. જેની પુછપરછ કરતા તેણે હોમીયોપેથિક મેડીકલ કોલેજમાં હોમીયોપેથીક નો અભ્યાસ કરી ડી.એચ.એમ.એસ. ની ડીગ્રી મેળવી અને ત્યારબાદ રાજસ્થાનનાં બાંસવાડા ખાતે ગયેલ અને બાંસવાડા જીલ્લાના પ્રાતપપુર ગામમાં એક મકાન ભાડે રાખી દવાખાનું ચાલું કરી ડી.એચ.એમ.એસ. ડોકટર તરીકેની પ્રેક્ટીસ ચાલું કરેલ તે દરમ્યાન બાંસવાડા ખાતે સંતશ્રી આશારામબાપુ નાઓના સત્સંગનો પ્રોગ્રામ તથા ભંડારો થતા ત્યાં ગયેલ અને ત્યાં આશારામબાપુથી પ્રભાવીત થયેલ અને અમદાવાદ ખાતે દર વર્ષે ગુરૂ પુર્ણિમાના દિવસે પોતાના પરિવાર સાથે સંત શ્રી આશારામ બાપુના મોટેરા આશ્રમમા આવેલ અને ત્યાં દીક્ષા લીધેલ અને સને ૧૯૯૧ થી ૨૦૦૩ ના સમયગાળા દરમ્યાનમા તેઓ ક્લીનીક ચલાવવાની સાથે બાંસવાડા ના આશ્રમ સાંગવાડા ની યોગવેદાંત સેવા સમીતીમાં જોડાઇ બાપુની સેવાકીય પ્રવૃતીઓ જેવી કે વ્યસનમુક્તી, ગરીબોમા જીવન જરૂરીયાતની વસ્તુઓનો ભંડારો તથા બીજી સેવા પ્રવૃતીઓમાં સેવા આપતો હતો અને આશારામબાપુની પરવાનગીથી અમદાવાદ સાબરમતી આશ્રમમાં સને-૨૦૦૩ થી આવેલ અને આશ્રમની સેવાઓ કરતો હતો તે દરમ્યાન ગુરૂકુળનાં બે બાળકો દિપેશ તથા અભિષેકનાં અપમૃત્યુ બાબતે આશારામ બાપુ વિરુધ્ધ આક્ષેપો થતા તપાસ થવા ગુજરાત સરકાર શ્રી નાઓએ ગુજરાત હાઇકોર્ટ ના નિવૃત જસ્ટીસ શ્રી ડી.કે.ત્રિવેદી કમિશન પંચ નીમેલ હતું જેમાં તે આશ્રમ તરફથી લીગલ સેલનુ કામ કરતો હતો આ વખતે પોતે રાજુ ચાંડક ના સંર્પક માં આવેલ અને રાજુ ચાંડક રાજસ્થાન નેવાઇ ખાતેના આશારામ બાપુંના આશ્રમની ગૌશાળા નું સંચાલન કરતો હતો તે દરમ્યાન નેવાઇ ગૌશાળા ખાતે ગૌશાળા ના હિસાબમાં કોઇપણ રીતે કૌભાંડ કરેલ જેથી આશ્રમ માંથી આશારામ બાપુએ રાજુ ચાંડકને હાંકી કાઢેલ હતો બાદ રાજુભાઇ ચાંડક નાએ આશારામ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

બાપું વિરુધ્ધ દુષ્કર્મનો આરોપ કરવા સ્ટીંગ ઓપરેશન કરેલ હતું અને આ સ્ટીંગ ઓપરેશનની સીડી મીડીયામાં તેમજ ડી.કે.ત્રિવેદી કમિશન પંચમાં રજુ કરવામાં આવેલ હતી બાદ ૨૦૦૯ ના સમયગાળા દરમ્યાન આશારામ બાપુની અમદાવાદ આશ્રમ ખાતેની મુલાકાત વખતે તેને એકાંતમાં તેમની કુટીરે બોલાવેલ અને જણાવેલ કે, રાજુ ચાંડક ખુબ જ આગળ વધી રહેલ છે અને રોજે રોજ આશ્રમ વિરુધ્ધ આક્ષેપો કરતો હોય છે અને મીડીયાવાળા પણ તેની સાથે હોવાનું જણાય છે જેથી તેને મારી નાખવાનુ આશારામબાપુએ જણાવેલ અને જરુરી નાણાંકીય મદદ પુરી પાડવાની જણાવતા જેથી તેણે રાજુ ચાંડક નું કામ પુરુ કરી આપવા <u>"ગુરુદક્ષીણા રૂપે બાપુંને ભેટ આપવાનુ નક્કી કરેલ"</u> અને આ કામ કરવા સારુ કાર્તીકને હથિયાર તેમજ મોટર સાયકલ ખરીદવા બાપુના કહેવાથી મેં તથા પંકજ ઉર્ફે અર્જુન સિંધીએ રૂ.૧,૦૦,૦૦૦/- કાર્તિક ને આપેલ તથા કામ પુરુ કરવા જણાવેલ અને તેઓના પ્લાન મુજબ રાજુ ચાંડકને જાનથી મારી નાંખવા માટે કાર્તિક નાએ સંજુ માલેગાવ નામના સાધકની મદદથી સાબરમતી વિસ્તારમાં રાજુ ચાંડક ઉપર ફાયરીંગ કરેલ હતું

તેમજ સદર આરોપી સુરત શહેર ડી.સી.બી.પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૭/૧૩ ધી ઇપીકો કલમ ૨૧૩, ૨૧૪, ૨૧૭, ૧૧૯, ૧૨૦(બી) તથા ભષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ કલમ ૭,૮,૧૨,૧૩(૧)ધ, ૧૩(૨) મુજબના ગુનામાં પણ સંડોવાયેલ છે અને જે ગુનામાં આરોપીની ધરપકડ પણ થયેલ હતી જેમાં ઉપરોકત ગુનાની તપાસમાં નુકશાન પહોંચાડવાના આશયથી રૂ.૧૩ કરોડની લાંચના કેસમાં પ્રથમ પાંચ કરોડ રુપીયા આપવામાં આવેલ હતા જે પૈકી રૂ.૫૦ લાખ પણ હાલના આરોપીને આપેલ હતા આ અશારામ વિરુધ્ધના કેસો યેનકેન પ્રકારે નબળા પાડવા માટે લોભ લાલચ તથા ધાક ધમકી ધ્વારા સામાવાળાઓને ફોડવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે અને આ સિવાય પણ આ આરોપી રાજકોટ શહેર ખાતે અમૃત પ્રજાપતિ મર્ડર કેસમા પણ સંડોવાયેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)